ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૦ ટકા

# બોગસ કોલ સેન્ટરના તમામ કોમ્પ્યુટર એફએસએલ મોકલાયા

## એફએસએલ રીપોર્ટ આવ્યા બાદ ગાંધીનગર પોલીસ અમેરીકન પોલીસને ગુનાની જાણ કરશે : એફબીઆઈ આ ગેંગનું ઈન્ટ્રોગેશન કરે તેવી શકયતા



ગાંધીનગર, તા.૨૧

ઈન્ફોસીટી ટાવર-૨ના ત્રીજે માળે ઓફીસ ભાડે રાખીને ચલાવાતું બોગસ ઈન્ટરનેશનલ કૉલ સેન્ટર બે દિવસ પહેલા ઈન્ફોસીટી પોલીસ અને આર આર સેલે પકડી પાડી ૧૯ ભેજાબાજોને લેપટોપ-કોમ્પ્યુટર્સ સહીતના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતાં. આ ભેજાબાજોએ અમેરિકા સિવાય અન્ય કોઈ દેશોના નાગિરકો સાથે છેતરપીંડી આચરી છે કે કેમ તે સહિતની ઉંડી પુછપરછ શરુ કરી છે. જપ્ત કરવામાં આવેલા તમામ કોમ્પ્યુટરને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. એફએસએલ રીપોર્ટ આવ્યા બાદ અમેરીકન પોલીસને ગુનાની જાણ ગાંધીનગર પોલીસ દ્વારા કરવામાં આવશે. જે અનુસંધાને અમેરીકાના કેટલા નાગરિકોને આ ભેજાબાજોએ બોગસ કૉલ સેન્ટર મારફતે છેતર્યા છે તે અંગે તપાસ અને ઈન્ટ્રોગેશન એફબીઆઈ કરે તેવી પણ શકયતા છે.

ગાંધીનગર રેન્જ આઈજીબીની આરઆરસેલ તથા ઈન્ફોસીટી પોલીસે બાતમીને આધારે બે દિવસ અગાઉ ઈન્ફોસીટીમાંથી બોગસ ઈન્ટરનેશનલ કોલ સેન્ટરમાં દરોડો પાડી અમેરીકન સીટીઝનને છેતરતા ૧૯ ભેજાબાજોને પકડી પાડયા હતા. નિવૃત્ત પીઆઈનો પુત્ર આ કાંડનો મુખ્ય સુત્રધાર હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સોફટવેર, કોમ્પ્યુટર્સ, લેપટોપ સહીતની કોલ સેન્ટરની સામગ્રી જપ્ત કરી લીધી હતી. અમેરિકનોની બેંક વિગતો મેળવીને તેમને કૉલ સેન્ટરથી કોલ કરી સેટલમેન્ટના બહાને ડોલરમાં છેતરપીંડી કરતા આ બેજાબાજોએ કેટલા અમેરીકનોને છેતર્યા છે? તે ઉપરાંત અન્ય કોઈ દેશના નાગરિકોને છેતર્યા છે? તે સહિતની તપાસ ચાલી રહી છે. તેના માટે કૉલ સેન્ટરના જપ્ત કરેલા કોમ્પ્યુટર લેપટોપના ડેટા મેળવવા જરુરી હોવાથી ડેટા મેળવવા તમામ કોમ્પ્યુટર એફએસએલ ખાતે મોકલવામાં આવ્યા છે. તેના રીપોર્ટ આવ્યા બાદ એફબીઆઈને પણ ગાંધીનગર પોલીસ આ ગુનાની જાણ કરશે. શકય છે કે એફબીઆઈ (અમેરીકન એજન્સી) ઈન્વેસ્ટીગેશન અને ઈન્ટ્રોગેશન માટે ગાંધીનગર આવે...!

# આજથી નકામા ઈલેકટ્રોનિકસ ઉપકરણોનું કલેકશન કરાશે

## ધરતી દિન અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ઈ-વેસ્ટ કલેકશન પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

આપણી પૃથ્વી પર આવેલા કુદરતી સ્રોતો થકી આપણું જીવન ચાલી રહ્યું છે. આપણે આજે જે પણ ભૌતિક વિકાસ કરી રહ્યા છીએ તેમાં કુદરતી સ્ત્રોતોનું દહન થાય છે. વિકાસની આંધળી દોટમાં આપણે ખુબ જ પ્રદુષણ કરી રહ્યા છીએ. હવાના, પાણીના પ્રદુષણની માફક આપણા ઘરમાં ઈલેકટ્રોનિકસ અને ઈલેકટ્રીક કચરો જેને ઈ-વેસ્ટ કહીએ છીએ તે ભેગો થતો જાય છે.

આ ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ કરવો જરુરી છે. આવો કચરો ગમે ત્યાં નાંખવાથી તે વધુ જોખમી રીતે પર્યાવરણને હાની પહોંચાડે છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને ઈ-કોલાઈવેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડના ઉપક્રમે તા. ૨૨ અને ૨૩ એપ્રિલ ૨૦૧૭ દરમિયાન જુના ટીવી, રીમોટ, કી-બોર્ડ, કમ્પ્યુટર પાર્ટસ, કેલક્યુલેટર જેવા બંધ અને બિન ઉપયોગી ઈ-વેસ્ટ કલેકશન કરવામાં આવશે. આપણા ગાંધીનગરમાં વસતા નાગરિકો તેમનો ઈ વેસ્ટ આ બંને દિવસ સવારે ૯થી ૧૨ વાગ્યા દરમિયાન નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ૬૧/૧, ઘટાઈપ, સે-૨૩, ગાંધીનગર ખાતે જમા કરાવી શકશે. આપણી પૃથ્વીને શુધ્ધ અને પવિત્ર રાખવા માટે આવો સૌ સાથે મળીને ઈ-વેસ્ટનું મેનેજમેન્ટ કરીએ. ઈ-કોલાઈ વેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા આપના દ્વારા આપવામાં આવનાર ઈ-વેસ્ટની અગાઉથી નિયત કરેલ કિંમત પણ ચુકવવામાં આવશે.

# શહેરી બસ સેવા વિટકોસના આખરે પૈડા થંભી ગયા

## વારંવાર ખોટકાતી બસો ચલાવવી મુશ્કેલ બનતા ડ્રાયવરોએ હાથ અધ્ધર કર્યા : શહેરીજનોને ભારે હાલાકી છતાં મનપા હજુ પણ અનિર્ણિત

ગાંધીનગર, તા.૨૨

દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરને ઈકો ફ્રેન્ડલી શહેરી બસ સેવાની ભેટ આપી હતી. જે તે સમયે સીએનજી બસ તરીકે વિટકોસે સફળતાપુર્વક શહેરીજનોને સુખદ મુસાફરીનો આનંદ અપાવ્યો હતો પરંતુ ફકત કમાણીનો માર્ગ શોધી રહેલા વિટકોસ સંચાલકોએ પસંદગીના રૂટ ઉપર જ બસો દોડાવતા વારંવાર ફરિયાદો ઉભી થઈ હતી અંતે ખખડધજ થઈ ગયેલી અને ડિઝલમાં પરિવર્તિત થયેલી વિટકોસ પ્રદુષણ ફેલાવતા મનપાએ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી. દરમિયાન માર્ગ ઉપર વારંવાર ખોટકાતી અને અઢળક રીપેરીંગ



માંગતી વિટકોસથી બસચાલકો પણ કંટાળી ગયા હતા અને કોઈ જ પ્રકારનો નિવેડો ન આવતા આખરે બસ ચાલકોએ વિટકોસથી મોં ફેરવી લેતા છેલ્લા બે દિવસથી શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાં વિટકોસના પૈડાં થંભી ગયા છે. વિટકોસ બંધ થવાથી મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. છતાં મનપાના વહીવટકર્તાઓ આ અંગે ચોકકસ નિર્ણય લઈ શકયા નથી તેની ભારે ચર્ચાઓ ઉઠવા પામી છે.

રાજયનું જયાંથી સંચાલન થાય છે ત્યાં જ વહીવટી ખામીઓ બહાર આવવા લાગી છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા સાત આઠ વર્ષથી શહેરી બસ સેવા તરીકે વિટકોસ કામગીરી કરી રહ્યું છે. અનેક ફરીયાદો અને વિવાદોથી ઘેરાયેલી વિટકોસ અંતે પોતાના જ ખખડધજ વાહનો થકી બંધ થઈ છે. જો કે ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરી બસ સેવાને કાર્યરત રાખવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે જેનો લાંબો સમય થવા છતાં નિકાલ આવ્યો નથી ત્યારે શહેરીજનોને તંત્રના વાંકે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. છેલ્લા બે વર્ષથી ખખડધજ થયેલી બસોને ગમે તે ભોગે માર્ગો ઉપર દોડતી રાખવાના સંચાલકના પ્રયાસો આખરે બે દિવસથી નિષ્ફળ નિવડયા છે. તંત્રએ વિટકોસ સંચાલકને અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી બસો ચાલુ રાખવા પણ જણાવેલ હતું. પરંતુ સંચાલકની પણ ધીરજ ખુટી ગઈ હોય તેમ હવે કોઈ પણ બહાને બસ બંધ થઈ તે તેમના હિતમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# આજથી શહેરમાં ચેરિટી ક્રિકેટ લીગનો પ્રારંભ

## આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની સરકારી પ્રાથમિક શાળાઓના શ્રમજીવી પરિવારના બાળકો માટે આયોજન : કવૉલિફાઈ રાઉન્ડમાં વિજેતા ૧૬ ટીમો ટકરાશે

ગાંધીનગર, તા.૨૧

આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજિત શ્રમજીવી વર્ગના અન્ડર-૧૪ બાળકો માટેની અનોખી 'ચેરીટી ક્રિકેટલીગ'નો તા. ૨૨મી એપ્રિલ શનિવારથી પ્રારંભ થશે. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર શહેરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓમાંથી કવૉલિફાઈ કરાયેલ ૧૬ ટીમો ટકરાશે. ટૂર્નામેન્ટની સેમિફાઈનલ્સ તા. ૨૯મી એપ્રિલે અને ફાઈનલ મેચ તા. ૩૦મી એપ્રિલે સે-૧૧માં ચ-૩ સર્કલ પાસેના લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

ચેરિટી ક્રિકેટ લીગ ટૂર્નામેન્ટના સમાપન પ્રસંગે મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેકટર સતીષભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, આરોગ્ય અધિકારી ડૉ. ડી.એન. બારોટ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, જુસિકા અગ્રણી જીલુભા ધાંધલ તથા જાણીતા ટીવી અભિનેતા જનક ઠકકર ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના સેવાભાવી યુવાનો દ્વારા ચલાવાતી સ્વૈચ્છિક સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા શ્રમજીવી અને જરૂરિયાતમંદ પરિવારના બાળકોમાં રહેલી ખેલ પ્રતિભાને તક આપવાના હેતુથી આ ચેરિટી ક્રિકેટ લીગ ટૂર્નામેન્ટનું આયોજન કર્યું છે. આ અનોખી ટૂર્નામેન્ટમાં બાળકોને આઈપીએલની માફક ટીમ સ્પોન્સર દ્વારા વિના મૂલ્યે રમાડવામાં આવશે તથા તેમને ટી-શર્ટ, ટ્રેક શુઝ, બુટ-મોજા અને કેપ વગેરેની સુવિધા પણ અપાશે. આ ઉપરાંત ટૂર્નામેન્ટમાં વિજેતા ટીમને ટ્રોફી ઉપરાંત ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીને મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બેટસમેન, બેસ્ટ બૉલર જેવા ઈનામો પણ એનાયત કરાશે. ટૂર્નામેન્ટમાં ખેલાડી નાસ્તા-ડ્રિન્કસ તથા જયુસ વગેરેની વ્યવસ્થા પુરી પડાશે.

### સીસીએલનો લાઈવ સ્કોર મોબાઈલ એપ પર

ચેરિટી ક્રિકેટ લીગ ટૂર્નામેન્ટનો લાઈવ સ્કોર, ટીમોની તમામ વિગતો, ટૂર્નામેન્ટની અન્ય વિગતો વગેરે તમામ જાણકારી ક્રિકહિરોઝ મોબાઈલ એપ પરથી જાણી શકાશે. આ મોબાઈલ એપ સ્માર્ટફોનમાં ઈન્સ્ટોલ કરવા પ્લે સ્ટોરમાં CRICKHEROS MOBILE APP ટાઈપ કરી મેળવી શકાશે.

# સે-૨૧ જય અંબે પાન પાર્લરમાં યુવાનનો ગળે ફાંસો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૪માં રહેતા ૪૫ વર્ષીય યુવાને સેકટર-૨૧માં એક પાન પાર્લરમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા આ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરનાર યુવાન પાર્લરને અડીને આવલી લારીમાં પરોઠા શાકનો ધંધો કરતો હતો. તેણે આપઘાત કયાં કારણોસર કર્યો તે હજુ બહાર આવ્યું નથી. સે-૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૪ શ્રીનગર વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય હિતેષ રતીલાલ જયસ્વાલ સે-૨૧ શોપીંગ ખાતે પરોઠા શાકની લારી ચલાવે છે. તેની બાજુમાં સ્થિત જય અંબે પાન પાર્લર તેના ભાઈનું છે. હિતેશનાં પત્નિ ત્રણેક વર્ષ પહેલા મૃત્યુ પામ્યા હતા અને ત્રણ સંતાન છે તે ત્રણેય દિકરીઓ છે. ગઈ કાલે હિતેશ રાત્રે ધંધો પતાવીને ઘરે ગયો ન હતો. સવારે વેપારીઓ પોત પોતાની દુકાન ખલવા શોપીંગમાં આવ્યા ત્યારે જય અંબે પાન પાર્લરમાં નાયલોન દોરીથી ગળે ફાંસો ખાઈ લીધેલી હાલતમાં હિતેષનો લટકતો મૃતદેહ જોઈ શોપીંગ વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. ઘટના અંગે સે-૨૧ પોલીસને જાણ થતા પીએસઆઈ વી.આર. વસાવાએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

@ગાંધીનગર

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આયોજીત દ્વિતિય સમુહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ અને સમુહ લગ્નોત્સવ પ્રસંગે સે-૧૬ બ્રહ્મભવન ખાતે સાંજે ૭.૩૦ કલાકે રાસ ગરબાની રમઝટ જામશે.

● રમઝટ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા 'અવિનાશના અજવાળે બાગમાં ટહુકો' કાર્યક્રમ સે-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.

● આપણું ફાઉન્ડેશન આયોજિત ચેરિટિ ક્રિકેટ લીગ ૨૦૧૭ની કવાર્ટર ફાઈનલ મેચ સાંજે ૪.૩૦ કલાકે સેકટર-૧૧માં ચ-૩ સર્કલ પાસેના લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક સાંજે પાંચ વાગે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે મળશે.

વાતવાતમાં

● ગાંધીનગરના રાજમાર્ગો પરથી અમદાવાદથી રથ સાથે નીકળેલ પગપાળા સંઘ પસાર થયો હતો. જે વિસનગર પાસેના કડા ખાતે જઈ રહ્યો હતો. સંઘમાં સામેલ રથમાં લગાડાયેલ ઓડિયો સિસ્ટમ પર વાગી રહેલા ભકિત સંગીતના કારણે સંઘ જયાંથી પસાર થયો ત્યાં ભકિતમય વાતાવરણ સર્જાયું હતું.

### આજે સંસ્કાર ગૃપ વિશ્વ ધરતી દિવસ ઉજવશે

ગાંધીનગર, તા.૨૧

સંસ્કાર ગૃપ ગાંધીનગર દ્વારા તા. ૨૨મી એપ્રિલના રોજ વિશ્વ ધરતી દિવસની ઉજવણી સેકટર-૭ બગીચો, સુવિધા કચેરી સામે, સાંજે ૬.૪૫ થી ૭.૩૦ કલાક સુધી કરવામાં આવશે. ધરતીમાતાની પુજા-અર્ચના, વૃક્ષ સુશોભન અને દીપમાળા તેમજ પ્રતિજ્ઞા લેવામાં આવશે. ધરતી દિવસ પર કિવઝ યોજી તેના વિશેની જાણકારી આપવામાં આવશે તેમ સંસ્કાર ગૃપ ગાંધીનગરના પ્રમુખ તુષારભાઈ દવેએ જણાવેલ છે.

આઈ લવ માય ગાંધીનગર



**રાજુભાઈ શંકરલાલ પટેલ**
ટ્રસ્ટી, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર

**ગાંધીનગર ગમે**

મને આ શહેરે અલગ ઓળખ આપી છે, આ શહેરે મને ઘણું શીખવ્યું છે, જે માટે હું શહેરનો આભારી છું ને આ શહેર એટલે મને ખૂબ ગમે છે.

**નગરજનો**

આ શહેરમાં ભારત દેશના અલગ-અલગ પ્રાંત અને ગુજરાત રાજયના જિલ્લાઓના પરિવારોએ કાયમી વસવાટ કરેલો હોઈ અહીં દરેકની સંસ્કૃતિ જોવા મળે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરની એકમાત્ર અને નિયમિત રીતે ૩૬૫ દિવસ તળાવના કિનારે યોગ શિક્ષણ આપતી વી-કૅર ફાઉન્ડેશન તથા તેનાં સમાજસેવાનાં કાર્યો ગમે. ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ૨૪ કલાક સેવા આપતી જુસિકા તથા હૅપ્પી યુથ કલબની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

નગરજનોને વ્યસનમુક્ત બનાવવા, નગરને સ્વચ્છ, સ્વસ્થ અને ગતિશીલ બનાવવાની આવશ્યકતા અનુભવાય છે.

**નગર માટે હું કરી શકું**

નગરના કોઈપણ સમાજ, જ્ઞાતિનાં બાળકોની કેળવણી માટે જરૂરી અભ્યાસ સાહિત્ય પૂરું પાડવા હું સક્ષમ, તૈયાર છું.

# આજે આદિવાડા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા હેપ્પી યુથ કલબના સહયોગથી તા. ૨૨મી એપ્રિલ, શનિવારે સેકટર-૨૮ના ગ્રામ્ય વિસ્તાર આદિવાડા ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પ આદિવાડાની સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

આયુર્વેદિક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા વિના મુલ્યે વિવિધ રોગોનું નિદાન તથા જરૂર જણાય તો સારવારની સુવિધા પણ પુરી પાડવામાં આવશે. આ શિબિરમાં પેટના રોગો, શ્વાસ, ઉધરસ, કફ, સાંધાના દુ:ખાવા, મણકાની તકલીફ, ડાયાબીટીસ, સ્થૂળતા, કાન-નાક-ગળા-આંખ અને દાંતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાની સમસ્યા વગેરે સહિતના તમામ રોગો અંગે દર્દીઓને નિદાન તથા સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પનો લાભાર્થીઓ મહત્તમ લાભ લઈ શકે તે માટે હેપ્પી યુથ કલબ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અંબોડ ત્રણ રસ્તા પાસેથી ચોરીના એવીએટર સાથે એક શખ્સ પકડાયો

## અનોડીયાના એક ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતા શખ્સને પકડી એસઓજીએ એવીએટર જપ્ત કર્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અંબોડ ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગમાં ગોઠવાઈ ગઈ હતી. ચોરીના એવીએટર સાથે નીકળેલા એક શખ્સને ત્રણ રસ્તા પાસેતી પકડી પાડીને તપાસ કરતા માણસા પોલીસ સ્ટેશનમાં એવીએટર ચોરી અંગે ગુનો દાખલ થયો હોવાનું બહાર આવ્યું છે. એસઓજીની ટીમે એવીએટર જપ્ત કરીને તેને લઈને નિકળેલા શખ્સની ધરપકડ કરી ચોરીનું એવીએટર તેની પાસે કયાંથી આવ્યું તે અંગે ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમ વાહનચોરો સુધી પહોંચવા સક્રીય થઈ છે. ત્યારે ગઈ કાલે પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા ડી.ડી. પરમારની ટીમ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે વાહન ચેકીંગ કરવા માટે આ ટીમ અંબોડ ત્રણ રસ્તા નજીક ગોઠવાઈ ગઈ હતી. વાહનચેકીંગ દરમિયાન જીજે ૧૮ સીસી ૪૮૦૯ નંબરનું એવીએટર લઈને નીકળેલા શખ્સને પકડી વાહનના દસ્તાવેજો માંગ્યા હતા. તેની પાસેથી કોઈ દસ્તાવેજ ન મળતા વધુ તપાસ શરુ કરાઈ હતી. મુળ પ્રાંતિજના નનનપુરનો ખોડા ધુળા ચૌહાણ નામનો આ શખ્સ દશેક દિવસથી અનોડીયામાં એક ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતો હોવાનું તેણે જણાવ્યું હતું. ખેતરમાંથી તે એવીએટર લાવ્યો હોવાનું નિવેદન ખોડાએ આપ્યું છે. એવીએટર અંગે તપાસ કરતા આ વાહન અનોડીયાના ગેમરસિંહ સરદારસિંહ રાઠોડની માલિકીનું અને ચોરી થયેલું હોવાનું પોલીસને જાણવા મળતા એવીએટર જપ્ત કરી પકડાયેલા ખોડા ચૌહાણની વધુ પછપરછ શરુ કરવામાં આવી છે.

### ત્રિદલ સંસ્થાનો અનોખો કાર્યક્રમ 'ગામડું સાદ કરે છે'

ગાંધીનગર, તા.૨૧

શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી 'ત્રિદલ' ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૩મી એપ્રિલ રવિવારે સાંજે પાંચ વાગે ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧, ગાંધીનગર ખાતે એક અનોખો કાર્યક્રમ 'ગામડું સાદ કરે છે' યોજાશે.

ગાંધીનગર જિલ્લાના અંતરિયાળ ગામ વાંકાનેરડામાં ગ્રામ ઉત્થાનના સંકલ્પ સાથે ધૂણી ધખાવી બેઠેલા શ્રી સુરેશભાઈ પુનડિયા સાથે વાર્તાલાપ રાખેલ છે. ભાવકો તથા નગરજનોએ ઉપસ્થિત રહેવા 'ત્રિદલ' ગાંધીનગરના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીએ જણાવેલ છે.

# સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે રકતદાન શિબિર યોજાઈ

## સહયોગ મંડળ દ્વારા આયોજિત રકતદાન શિબિરમાં ૫૮ બોટલ રકત એકત્ર કરાયું

ગાંધીનગર, તા.૨૧

સહયોગ મંડળ દ્વારા ગાંધીનગરના સેકટર-૩૦માં સેન્ટ્રલ યુનિ. ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૫૮ બૉટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.

સેન્ટ્રલ યુનિ. ખાતે યોજાયેલ રકતદાન શિબિરમાં ગાંધીનગરની લક્ષ્મી બેકરીના કિશોરભાઈ ગોપલાણી જેઓએ આજે પોતાનો જન્મદિવસ રકતદાન કરીને ઉજવી અનોખું પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું હતું. આ પ્રસંગે તેમણે તમામ રકતદાતાઓ માટે નાસ્તાની સુવિધા પણ પુરી પાડી હતી. આ ઉપરાંત ગાંધીનગરના રકતદાતા સુકેતુ મહેતાના જણાવ્યા મુજબ તેમણે આ રકતદાન શિબિરમાં રકતદાન કર્યું હતું જે તેમનું ૧૩૧મી વારનું રકતદાન હતું. આ શિબિરમાં રકતદાન કરનારા રકતદાતાઓને સહયોગ મંડળ દ્વારા કિંમતી પુસ્તકો તથા કેપની ભેટ આપવામાં આવી હતી. આ રકતદાન શિબિર સેન્ટ્રલ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. લિટી ડેવિસની મદદથી આયોજિત કરવામાં આવી હતી. જેમાં સહયોગ મંડળના સભ્યોએ સેવાઓ પુરી પાડી હતી. રકતદાન શિબિરમાં રકત એકત્ર કરવાની સેવાઓ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમે પુરી પાડી હતી.



### ચિરવિદાય

- સ્વ. અતુલ દશરથલાલ ભાવસાર, ઉ.વ. ૫૨
- સ્વ. કાન્તાબેન પૂંજાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. કિરણચંદ્ર કલ્યાણભાઈ પરમાર, ઉ.વ. ૭૭
- સ્વ. વિનોદભાઈ જયંતિલાલ વાઘેલા, ઉ.વ. ૩૨
- હિતેશકુમાર રતિલાલ જયસ્વાલ, ઉવ. ૪૫
- સ્વ. કુસુમબેન કૌશિકભાઈ ભટ્ટ, ઉ.વ. ૬૬